# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા LNG શિપમેન્ટ ફરી શરૂ થતાં સરકારે કુદરતી ગેસ સપ્લાય પરના કટોકટી નિયંત્રણો હટાવ્યાં.
2. સરકારે ડુંગળીના ખરીદ ભાવમાં 13 ટકાનો વધારો કરતા ખેડૂતોનો ફાયદો.
3. ભારતની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ આવતીકાલથી કેરળના કોચીમાં બે દિવસીય બ્રિક્સ મહિલા કાર્યકારી જૂથની બેઠક.
4. અમેરિકાના 250માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી. ટ્રમ્પ અને પુતિન વચ્ચે ટેલિફોનિક વાતચીત.
5. ICC મહિલા T20 ક્રિકેટ વિશ્વકપની ફાઇનલમાં આજે ઇંગ્લેન્ડનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# MOPNG - CURBS REMOVAL

પશ્ચિમ એશિયાના સંઘર્ષમાં યુદ્ધવિરામ બાદ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા લિક્વિફાઇડ નેચરલ ગેસ LNG શિપમેન્ટ ફરી શરૂ થતાં સરકારે કુદરતી ગેસ સપ્લાય પરના કટોકટી નિયંત્રણો પરત ખેંચી લીધા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક સૂચનામાં જણાવ્યું હતું કે, કુદરતી ગેસ (પુરવઠા નિયમન) ઓર્ડર, 2026 માં સુધારો કરવામાં આવ્યો છે, જેમાં મુખ્ય કટોકટી જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા LNG શિપમેન્ટમાં વિક્ષેપો બાદ આ વર્ષે માર્ચમાં આવશ્યક ચીજવસ્તુ કાયદા હેઠળ નિયંત્રણો લાદવામાં આવ્યાં હતાં.

# PURI – ETHANOL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ કહ્યું કે , ઇથેનોલ કોઈ નવો ખ્યાલ નથી અને તેનો ઉપયોગ એક સદી કરતાં પણ વધુ સમયથી થઈ રહ્યો છે. રાજસ્થાનમાં એક સભાને સંબોધતા શ્રી પુરીએ કહ્યું કે સરકાર તેના જૈવિક ઇંધણ મિશ્રણ કાર્યક્રમની રચનાત્મક ટીકાનું સ્વાગત કરે છે. તેમણે ખાતરી આપી કે સરકાર સૂચનો અનુસાર જરૂરી સુધારા કરશે.

(BYTE: HARDEEP-PURI-BIO-FUEL)

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રાબોવો સુબિયાન્ટોના આમંત્રણ પર આવતીકાલે જકાર્તાની મુલાકાતે જવા રવાના થશે. પ્રધાનમંત્રી મોદીની ઇન્ડોનેશિયાની આ ચોથી મુલાકાત છે. મે 2018માં ભારત-ઇન્ડોનેશિયા સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવામાં આવ્યા બાદ આ તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે.

મુલાકાત દરમિયાન શ્રી મોદી શ્રી પ્રાબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રી જકાર્તામાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

# ONION PRICE

સરકારે ભાવ સ્થિરીકરણ બફર માટે ડુંગળીના ખરીદ ભાવમાં 13 ટકાનો વધારો કર્યો છે, જે 1 હજાર 875 રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને 2 હજાર 125 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થયો છે. ગ્રાહક બાબતો , ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે સુધારેલા ખરીદ ભાવ ડુંગળીના ખેડૂતોને વધુ સારું વળતર સુનિશ્ચિત કરશે અને બફર ખરીદીના પ્રયાસોને ટેકો આપશે.

# BRICS-WOMEN WORKING GROUP

ભારત, તેની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ, કેરળના કોચીમાં આવતીકાલથી શરૂ થનારી બે દિવસીય બ્રિક્સ મહિલા કાર્યકારી જૂથની બેઠકનું આયોજન કરશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે બ્રિક્સ સભ્ય દેશોના વરિષ્ઠ સરકારી અધિકારીઓ તમામ ક્ષેત્રોમાં મહિલા સશક્તિકરણ અને મહિલા-નેતૃત્વ વિકાસ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ભેગા થશે , જ્યારે સહિયારી પ્રાથમિકતાઓ પર સહયોગને આગળ ધપાવશે. મહિલા કાર્યકારી જૂથની બેઠક સભ્ય દેશોને મહિલાઓ-નેતૃત્વ વિકાસ પર ચર્ચા અને સર્વસંમતિ બનાવવાની તક પૂરી પાડશે. મંત્રાલયે જણાવ્યું કે આ બેઠક 8 અને 9 જુલાઈના રોજ યોજાનારી બ્રિક્સ મહિલા મંત્રીસ્તરીય બેઠક માટે મજબૂત પાયો નાખશે.

# SHIVRAJ CHOUHAN-VB GRAM G

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો કે 'વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા માટેની ગેરંટી મિશન (ગ્રામીણ) ' 1 જુલાઈ 2025 થી સફળતાપૂર્વક લાગુ કરવામાં આવ્યો છે.

શ્રી ચૌહાણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ મિશન હેઠળ રાજ્યોને 25 હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરી. તેમણે કહ્યું કે, વિકાસિત ભારત જી રામ જીને માત્ર એક જ દિવસમાં દેશભરમાં લાગુ કરવામાં આવ્યો હતો.

# TEEJAN-BAI-DEMISE

છત્તીસગઢના પ્રખ્યાત પાંડવાની ગાયિકા પદ્મ વિભૂષણ તીજન બાઈનું આજે નિધન થયું. તેઓ લાંબા સમયથી બીમારીને કારણે એઈમ્સ રાયપુરમાં સારવાર લઈ રહ્યા હતા. આજે સવારે લગભગ સવા ત્રણ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા.

શક્તિશાળી અવાજ અને વિશિષ્ટ વર્ણન શૈલીથી , તીજન બાઈએ પાંડવાનીને માત્ર ભારતમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ઓળખ અપાવી હતી.

ભારતીય લોક કલામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા તેમને પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્ર,પતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ મોદીએ પ્રસિદ્ધ પાંડવાની ગાયિકા તીજન બાઈના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMARNATH YATRA

અમરનાથ યાત્રાના પહેલા બે દિવસ દરમિયાન 32 હજાર 313 ભક્તોએ પવિત્ર ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કર્યા. યાત્રાના બીજા દિવસે 20 હજાર 145 ભક્તોએ દર્શન કર્યા, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે.

શ્રદ્ધાળુઓનો ચોથો સમૂહ આજે વહેલી સવારે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસથી કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ રવાના થયો.

# COMBINED - PASWAN

પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે રામવિલાસ પાસવાને સમાજના વંચિત અને નબળા વર્ગના ઉત્થાનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે રામવિલાસ પાસવાનને જાહેર સેવા અને રાષ્ટ્ર સેવા પ્રત્યેના તેમના સમર્પણ માટે હંમેશા યાદ રાખવામાં આવશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે જણાવ્યુ , આગામી કેટલાક દિવસોમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે. નેઋત્યનું ચોમાસું આગામી ચાર દિવસમાં હરિયાણા , પંજાબ અને રાજસ્થાનના બાકીના ભાગો , ગુજરાતના કેટલાક ભાગો અને ઉત્તર અરબી સમુદ્રમાં આગળ વધવાની શક્યતા છે.

આજે ગુજરાત , કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

છત્તીસગઢ, પૂર્વ મધ્ય પ્રદેશ , પૂર્વ રાજસ્થાન , કર્ણાટક, તેલંગાણા અને વિદર્ભમાં દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આસામ , મેઘાલય, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, કેરળ અને માહેમાં દિવસ દરમિયાન ભારે વરસાદની શક્યતા છે.

દિલ્હીમાં, વાવાઝોડા અને તોફાની પવનો સાથે હળવા વરસાદની શક્યતા છે.

# US-INDEPENDENCE DAY

અમેરિકા ગઈકાલે રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે તેની સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણી કરી. વોશિંગ્ટનમાં મુખ્ય કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નેશનલ મોલમાં એકઠા થયેલા હજારો લોકોને સંબોધન કર્યું.

તેમના સંબોધનમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે અમેરિકન નિવૃત્ત સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી અને આ ઉજવણીને દેશના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ગણાવી. તેમણે કહ્યું કે અમેરિકા તેની લશ્કરી , અર્થતંત્ર અને તકનીકી ક્ષમતાઓને મજબૂત બનાવશે, અને ચંદ્ર અને મંગળ પરના ભાવિ અવકાશ સંશોધનમાં દેશની મહત્વાકાંક્ષાઓનો પુનરોચ્ચાર કર્યો

લશ્કરી ફ્લાય-પાસ્ટ , ઐતિહાસિક પ્રદર્શનો અને નેશનલ મોલ પર આતશબાજી સાથે ઉજવણી કરાઇ. દેશભરમાં, ન્યૂ યોર્ક અને ફિલાડેલ્ફિયા સહિતના શહેરોમાં સ્મારક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા , જોકે પૂર્વ કિનારાના ભાગોમાં ગરમીના મોજા અને ગંભીર હવામાનને અસર થઈ હતી.

યુનાઇટેડ સ્ટેટ્સે 4 જુલાઈ, 1776 ના રોજ ગ્રેટ બ્રિટનથી તેની સ્વતંત્રતા જાહેર કરી. 250મી વર્ષગાંઠ દેશભરમાં વર્ષભરના કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવી રહી છે.

# TRUMP-PUTIN TALKS

ક્રેમલિન અનુસાર , રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે ટેલિફોન પર વાતચીત કરી હતી. રશિયન રાષ્ટ્રપતિના સહાયક યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ પુતિને રાષ્ટ્રપતિ ટ્રમ્પને અમેરિકાના સ્વતંત્રતા દિવસની 250મી વર્ષગાંઠ પર અભિનંદન આપ્યા હતા. વાતચીત દરમિયાન , રાષ્ટ્રપતિ પુતિને રાષ્ટ્રપતિ ટ્રમ્પને ક્રેમલિન દ્વારા યુક્રેનમાં યુદ્ધની પરિસ્થિતિની માહિતી આપી હતી. ઉષાકોવે કહ્યું કે રશિયન દળો સંપર્ક રેખા પર આગળ વધી રહ્યા છે અને દાવો કર્યો હતો કે કેટલાક યુરોપિયન દેશોને યુધ્ધ અંગેની ગેરસમજ છે.

બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો પર પણ ચર્ચા કરી અને લશ્કરી , રાજકીય અને આર્થિક મુદ્દાઓ પર સમયાંતરે વાતચીત કરવા સંમત થયા. ક્રેમલિન અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે યુક્રેન સંઘર્ષનો વહેલો ઉકેલ બંને દેશો વચ્ચે સહયોગ વધારવાની સ્થિતીનું નિર્માણ કરવામાં સહાય કરશે. ઉષાકોવે યુક્રેન અને તેના યુરોપિયન સાથીઓ પર સંઘર્ષને લંબાવવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ મૂક્યો અને રશિયન લક્ષ્યો પર તાજેતરના યુક્રેનિયન મોટા હુમલાઓનો ઉલ્લેખ કર્યો.

# VENEZUELA EARTHQUAKE

વેનેઝુએલાના રાષ્ટ્રીય સભાના પ્રમુખ જોર્જ રોડ્રિગ્ઝે જણાવ્યું છે કે ભૂકંપમાં મૃત્યુઆંક 2 હજાર 954 પર પહોંચ્યો છે અને 16 હજારથી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. બચાવ કામગીરી હજુ પણ ચાલી રહી છે.

દરમિયાન, વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે સાત દિવસના શોકની જાહેરાત કરતા કહ્યું કે વિનાશક ભૂકંપમાં થયેલી જાનહાનિથી દેશ દુઃખી છે.

ગત 24 જૂને વેનેઝુએલામાં 7.2 અને 7.5 ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપને કારણે ભારે તારાજી સર્જાઈ હતી.

# DRC EBOLA CASES

લોકતાંત્રિક ગણરાજ્ય કોંગોમાં ઇબોલાનો પ્રકોપ સતત ફેલાય રહ્યો છે. રોગચાળામાં હાલમાં અત્યાર સુધીમાં 1 હજાર 528 કેસોની પુષ્ટિ કરી છે અને 492 લોકોના મોત થયા છે. દેશના જાહેર આરોગ્ય અધિકારીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના પરિસ્થિતિ અહેવાલ મુજબ , 239 દર્દીઓ સ્વસ્થ થયા છે, જ્યારે 628 આઇસોલેશનમાં છે અથવા સારવાર હેઠળ છે.

આ દરમિયાન , વિશ્વ આરોગ્ય સંગઠને લોકતાંત્રિક ગણરાજ્ય કોંગોમાં બુંદીબુગ્યો વાયરસથી થતા ઇબોલા માટે સંભવિત સારવારનું મૂલ્યાંકન કરવા માટે ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે , જેના માટે હાલમાં કોઈ માન્ય રસી અથવા ચોક્કસ સારવાર નથી.

# WOMENS T20 WC

ICC મહિલા T20 ક્રિકેટ વિશ્વકપની ફાઇનલમાં આજે લંડનના લોર્ડ્સ ખાતે ઇંગ્લેન્ડનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે. બંને ટીમો અપરાજિત રહીને ફાઇનલમાં પહોંચી હતી. ઓસ્ટ્રેલિયાએ સેમિફાઇનલમાં વેસ્ટ ઇન્ડીઝને હરાવ્યું હતું, જ્યારે ઇંગ્લેન્ડે અન્ય સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.